## ૮ સોય, સંચો ને સાબુ

L9S8G1

### ચાલો, ગાઈએ ગીતડું :

ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટપાલી હું
ટપાલ સૌને પહોંચાડું હું.
ક.. ક.. ક.. ક.. ક.. ક.. ક.. ક.. કાગળ વહેંચું,
પોસ્ટકાર્ડ, પરબીડિયાં વહેંચું.
સારા - માઠા સંદેશાથી
સુખડાં વહેંચું, દુઃખડાં વહેંચું.
મનીઑર્ડર જો આવે કોઈનો
ર.. ર.. ર.. ર.. ર.. ર.. ર.. ર.. રૂપિયા વહેંચું.
ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટપાલી હું.
ક.. ક.. ક.. ક.. ક.. ક.. ક.. ક.. કાગળ વહેંચું,
ર.. ર.. ર.. ર.. ર.. ર.. ર.. ર.. રૂપિયા વહેંચું.

### પત્ર વાંચો :

પ્રિય

બિલ્લીમાસી,

મજામાં હશો.

અહીં દિલ્હીમાં ખીર ખાવાની હરીફાઈનું આયોજન થયું છે. તમે ખીર ખાવામાં અનેક ઈનામો જીત્યાં છે. તેથી તમને એમાં ભાગ લેવા માટે સહર્ષ આમંત્રણ છે.

લિ.

આયોજકો

ખીરખાઉ હરીફાઈ, દિલ્હી



To

બિલ્લીબહેન મ્યાઉં

મુ.પો. રસોઈઘર

તા. ઉંદરનગર

જિ. ઘરઘર

પિન ચૂં ચૂં ચૂં ચૂં ચૂં ચૂં



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાર્તા :

એક હતી બિલ્લી.

તેને જવું'તું દિલ્હી.

પણ જવું કઈ રીતે ?

તેણે બધાં પ્રાણીઓને વાત કરી. રસ્તો જડ્યો. બિલ્લી ગઈ ખેડૂત પાસે, ''ખેડૂતભાઈ, ખેડૂતભાઈ, મારે થોડું કામ છે. મને થોડો કપાસ આપો ને.'' ખેડૂત ખેતી કરે, અનાજ વાવે ને કપાસ પણ વાવે. કપાસ લઈ બિલાડી આગળ ચાલી.

પીંજારા પાસે ગઈ. કહ્યું, ''પીંજારાભાઈ, પીંજારાભાઈ, મારે થોડું કામ છે. મને આ કપાસ પીંજી આપો ને.''

પીંજારો રૂ પીંજે, ગાદલાં તથા રજાઈ બનાવે. પીંજારાએ કપાસ પીંજી આપ્યો.

બિલ્લી આગળ ચાલી. ગઈ વણકર પાસે, ''વણકરભાઈ, વણકરભાઈ, મારે થોડું કામ છે. મને આ રૂમાંથી કાપડ વણી આપો ને.''

બિલ્લીને વણકરે કાપડ વણી આપ્યું. બિલ્લી આગળ ચાલી. ગઈ દરજી પાસે. ''દરજીભાઈ, દરજીભાઈ.. મારે થોડું કામ છે. મને આ કાપડમાંથી કપડાં સીવી આપો ને !'' દરજી કપડાં સીવે બિલ્લીનું માપ લઈ કપડાં સીવી આપ્યાં. બિલ્લીબાઈ તો ચાલ્યાં આગળ.

પહોંચ્યાં ધોબીને ત્યાં, ''ધોબીભાઈ, ધોબીભાઈ, મારે થોડું કામ છે. મને આ બે કપડાં ધોઈને ઈસ્ત્રી કરી આપો ને !'' ધોબી કપડાં ધૂએ અને ઈસ્ત્રી પણ કરે. ધોબીએ કપડાં ધોઈને ઈસ્ત્રી કરી આપી. બિલ્લી ત્યાંથી આગળ ચાલી. ગઈ મોચીને ત્યાં, ''મોચીભાઈ, મોચીભાઈ... મારે થોડું કામ છે. મને ચંપલ સીવી આપો ને !''

મોચી ચામડામાંથી ચંપલ-બૂટ બનાવે. મોચીએ બિલ્લીને ચંપલ બનાવી આપ્યાં. બિલ્લી ત્યાંથી આગળ ચાલી. ગઈ સુથારને ઘેર, ''સુથારભાઈ, સુથારભાઈ... મારે થોડું કામ છે. મને એક લાકડાની ગાડી બનાવી આપો ને.''

સુથાર લાકડાંમાંથી ખુરશી અને બારી-બારણાં બનાવે. બિલ્લીને એક ગાડી બનાવી આપી. બિલ્લી પછી ત્યાંથી આગળ ચાલી. ગઈ કુંભારને ત્યાં, ''કુંભારભાઈ, કુંભારભાઈ... મારે થોડું કામ છે. મને એક નાનો ઘડો આપો ને.''



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



બધું લઈ બિલ્લી તો ઘરે આવી. સવાર થયું. નાહી-ધોઈને નવાં કપડાં પહેરી તૈયાર થઈ. લાકડાની ગાડી જોડી. દેડકાને ગાડીમાં જોડ્યો ને બિલ્લીમાસીની સવારી તો ઊપડી દિલ્હી તરફ. મ્યાઉં... મ્યાઉં, ડ્રાંઉ... ડ્રાઉં. મ્યાઉં... મ્યાઉં, ડ્રાંઉ... ડ્રાઉં...

## વાતચીત :

૧. બિલ્લીમાસી કોની કોની પાસે ગઈ ?

૨. બિલ્લી કુંભાર પાસે શા માટે ગઈ ?

૩. બિલ્લીની ગાડીના પૈડામાં પંક્ચર થયું છે તો ક્યાં જશે ?


૪. બિલ્લીમાસીને ચવાણું ખાવું છે, તે ખરીદવા કોની પાસે જશે ?

૫. બિલ્લીને ટપાલનો જવાબ લખવો છે, તે પેન ખરીદવા કઈ દુકાને જશે ?




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## પહેલું શું થાય ? ચિત્રોને ઉદાહરણ મુજબ નંબર આપો.




૧



૩



૨





૪






























## નાટક ભજવો :

ઉદાહરણ મુજબના સંવાદ સાથે બે વખત બધાં નાટક રજૂ કરાવવાં અને જ્યારે નાટક બદલાય ત્યારે પાત્રો બદલી વર્ગના મોટા ભાગના વિદ્યાર્થીઓ પાસે રજૂઆત કરાવવી.

નવ્વાણું

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૧. બિલ્લી દરજી પાસે ગઈ તેનું નાટક કરો.

ઉદાહરણ :

બિલ્લી : કેમ છો ? દરજીભાઈ, મારે તમારું થોડું કામ છે.
દરજી : બોલોને બિલ્લીમાસી.
બિલ્લી : મારાં કપડાં સીવી આપો ને.
દરજી : કાપડ લાવ્યાં છો ?
બિલ્લી : હા, આ લો કાપડ. ફ્રૉકનું માપ લઈ લો.
દરજી : લાવો, ફ્રૉક સીવવાનું છે ને ? માપ લઈ લઉં.
બિલ્લી : જો.. જો.. કાતરથી બરાબર વેતરજો હોં...
દરજી : હા, બિલ્લીમાસી, એવું ફ્રૉક બનાવીશ કે તમારો તો વટ્ટ પડી જશે.

૨. બિલ્લી ધોબી પાસે ગઈ તેનું નાટક કરો.

૩. બિલ્લી સુથાર પાસે ગઈ તેનું નાટક કરો.

૪. બિલ્લી કુંભાર પાસે ગઈ તેનું નાટક કરો.

- ચાલો, ગાઈએ ગીતડું : ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટપાલી હું.

## આ સાધન કોણ વાપરે ? કહો અને લખો.

શિક્ષકે સાધનનું નામ બોલવું, વિદ્યાર્થીઓ પાસે તેને વાપરનાર વ્યવસાયકારનું નામ જવાબરૂપે બોલાવવું. આમ એક પછી એક નામ પૂછી અહીં લખાવતા જવું.

| સાધન | કોણ વાપરે ? | સાધન | કોણ વાપરે ? |
|---|---|---|---|
| ઈસ્ત્રી | ધોબી | ચાકડો | |
| કાતર | | હથોડી | |
| મેઝરટેપ | | પૉલિશ-બ્રશ | |
| કરવત | | સીવવાનો સંચો | |
| સાબુ | | ધોકો | |

| | સો | |
|---|---|---|

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## સાંભળો અને ખોટું હોય તો નાક પકડો, સાચું હોય તો કાન પકડો :

એક એક વાક્ય મોટેથી વાંચી સંભળાવો.

૧. સુથારે ખુરશી સીવી દીધી.
૨. દરજીએ બિલ્લીમાસીને કપાસ આપ્યો.
૩. વણકરે બિલ્લીને કાપડ વણી આપ્યું.
૪. મોચીભાઈ ચંપલ સીવી આપે.
૫. કુંભારે બિલ્લીને દડો આપ્યો.
૬. પીંજારો માટી ગૂંદીને માટલાં બનાવે.
૭. ધોબીએ બિલ્લીને કપડાં ધોઈ આપ્યાં.
૮. બિલ્લીએ ગાડી સાથે કૂતરો જોડ્યો.
૯. કુંભાર માટીનાં વાસણ બનાવે.
૧૦. બિલ્લીબાઈની સવારી દિલ્હી તરફ ઊપડી.

## બિલ્લીમાસીને આવું કોણ કહી શકે તે લખો :

૧. લો, આ સિવાઈ ગયું તમારું ફ્રૉક !
૨. લાવો પાંચ રૂપિયા. લો આ તમારો ઘડો.
૩. આ ચમકતાં ચંપલ લઈ લો.
૪. આ લો તમારું ઈસ્ત્રીટાઈટ ફ્રૉક !
૫. પીંજાઈ ગયો કપાસ. લો આ ધોળો ધોળો ઢગલો.
૬. ગાડી સારા લાકડાંની બનાવી છે. પાંચસો રૂપિયાની થશે, હોં !
૭. આજે જ ખેતરમાંથી કપાસ કાઢ્યો છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ગીત ગાઓ :

### કારીગરનો મેળો

જામ્યો કારીગરનો મેળો (૨)
ચાકડો ને ટોપલો લઈને આવ્યા કુંભારભાઈ
 માટીમાંથી માટલીનો ઘાટ બનાવે કેવો ! ... જામ્યો ...
લેલું ને ઓળંબો લઈને આવ્યા કડિયાભાઈ
 ઈંટ-માટીથી ચણીચણીને મહેલ બનાવે કેવો ! ... જામ્યો ...
કરવત, વાંસલો, વીંધણું લઈ આવ્યા સુથારભાઈ
 લાકડકામ કરીને એ તો રંગ ચડાવે કેવો ! ... જામ્યો ...
એરણ ને ધમણ લઈને આવ્યા લુહારભાઈ
 લોઢું ટીપી જોતજોતામાં પલંગ બનાવે કેવો ! ... જામ્યો ...
સોય, ટેપ ને સંચો લઈને આવ્યા દરજીભાઈ
 કાપડ કાપી જોતજોતામાં કોટ બનાવે કેવો ! ... જામ્યો ...
રાંપી ને પૉલિશ લઈને આવ્યા મોચીભાઈ
 ચામડું કાપી જોતજોતામાં બૂટ બનાવે કેવો ! ... જામ્યો ...
સાબુ, પાઉડર, ઈસ્ત્રી લઈને આવ્યા ધોબીભાઈ
 ચોખ્ખાં કરી કપડાં ઈસ્ત્રી કરીને વટ્ટ પાડી દે કેવો ! ... જામ્યો ...
અસ્ત્રો, કાતર, દર્પણ, કાંસકો લાવ્યા વાળંદભાઈ
 ફુવારો છાંટી બાલ કાપીને વટ્ટ પાડી દે કેવો ! ... જામ્યો ...

– રમણભાઈ સોની



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## સાધનને વ્યવસાયકારની ટોપલીમાં મૂકો :

ગીતમાં આવતા કારીગરોનાં નામ લખેલી ટોપલીઓ ટેબલ પર મૂકો. તેમજ વર્ગના વિદ્યાર્થીઓની સંખ્યા જેટલી ગીતમાં આવેલાં સાધનોની કાપલીઓ / કાર્ડ બનાવી વિદ્યાર્થીઓને આપો. વિદ્યાર્થીઓને વારાફરતી ઊભા કરી તે કાપલી કે કાર્ડ યોગ્ય કારીગરની ટોપલીમાં મૂકવા કહો.

## આ કોણ છે ? તેણે શું કર્યું ? નોંધો :

ગીતમાં આવતા કારીગરોની કાપલીઓ બનાવી બૉક્સમાં મૂકો. વારાફરતી દરેક વિદ્યાર્થીને બોલાવી કાપલી ઉપાડવા અને તેનો અભિનય કરવા કહો. એક અભિનય થયા બાદ તેના વિશે લખવા સમય આપો. ત્યારબાદ જ બીજી કાપલી ઉપાડવા વિદ્યાર્થીને બોલાવો. આ રીતે પ્રવૃત્તિ આગળ વધારો.

| ક્રમ | આ કોણ છે ? (કારીગર) | તેણે શું કર્યું ? |
|---|---|---|
| ૧. | મોચી | બૂટને પૉલિશ કરી. |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

● **ગીત ગાઓ : કારીગરનો મેળો**

**ગીતમાંથી શોધીને લખો :**

૧. એ તો ઈંટ-માટીથી ______ ને મહેલ બનાવે છે.

૨. કાપડ કાપી ______ કોટ બનાવે છે.

૩. એરણ અને ______ લઈને આવ્યા લુહારભાઈ.

૪. ______ કરીને એ રંગ ચડાવે છે.

૫. ______ છાંટી વાળ કાપી વટ્ટ પાડી દે છે.

૬. ચાકડો ને ટોપલો લઈને ______ આવ્યા.

૭. રાંપી ને ______ લઈને ______ આવ્યા.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ગીત વાંચી જવાબ લખો :

૧. વાળંદ વાળ કેવી રીતે કાપે છે ?

♦ વાળંદ ફુવારો છાંટીને વાળ કાપે છે.

૨. દરજીભાઈ કોટ કેવી રીતે બનાવે છે ?

♦

૩. કુંભાર શામાંથી માટલાં બનાવે છે ?

♦

૪. રાંપી ને પૉલિશનો ઉપયોગ કોણ કરે છે ?

♦

૫. લાકડકામ કોણ કરે ?

♦

૬. મોચી ચામડું કાપીને શું બનાવશે ?

♦

૭. દરજી ક્યાં ક્યાં સાધનોનો ઉપયોગ કરે છે ?

♦



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ફેરિયો - ફેરિયો રમીએ :

આપેલા નમૂના ઉપરાંત પોતાના વિસ્તારમાં જોવા મળતા ફેરિયાની બૂમો કે ગીતડાં લહેકા સાથે રજૂ કરો અને વિદ્યાર્થીઓ પાસે રજૂ કરાવો.

☺ રમકડાં લો...રમકડાં....
☺ એ રમકડાંવાલે.... રમકડાં...
☺ રમકડાં આવી ગ્યાં, ભઈ રમકડાં...

☺ જૂનો... સામાન... લોખંડનો ભંગાર...
☺ પસ્તી - પેપ્પર - લોખંડનો ભંગાર...
☺ ડબ્બા - બાટલી - પસ્તી ભંગાર...

☺ લઈ લો. ઈડલી-સંભાર...
☺ ઈડલીવાલે... ઈડલીવાલે...
☺ મદ્રાસી ઈડલી... મદ્રાસી ઈડલી...

☺ બકાલું લઈ લો....
☺ ડુંગળી, બટાકા, કોબી, ધાણા, મરચાં, આદુઉઉ....
☺ શાકભાજી આયી.... શાકભાજી .....

☺ ચાદર લઈ લો ચાદર... દોઢસોની બે....
☺ ખોળિયાં, ચોરસા... ચાદર... એય ... તકિયાકવર, ચોરસા....
☺ ચાદર, નેપ્કિન, ટુવાલ...

☺ ખાવ... ઠંડી.. મીઠી કેન્ડીઈઈ...
☺ આઈસ કેન્ડી... આયી... આઈસક્રીઈમ....
☺ આઝાદ કુલફી આવી આઝાદ કુલફી....

☺ ૨૦ રૂપિયામાં બામ લો. ઘૂંટણ, માથું, કમર દુઃખે તો બામ લગાવો...
☺ એ... સસ્તામાં સસ્તો ને સારામાં સારો... બામ લઈ લો બામ...
☺ જૂનું દરદ મટાડે... દુખાવો મટાડે... લઈ લો બામ લઈ લો...



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાંચો :

આ સંવાદને નાટ્યાત્મક રીતે વિદ્યાર્થીઓ પાસે વંચાવવા. જરૂર પડ્યે મદદ કરવી.

### ૧. ઈનાને ફ્રૂટસલાડ બહુ ભાવે.

ઈના મમ્મી સાથે ફળો લેવા બજાર ગઈ.

દુકાન પર મોટા અક્ષરે લખ્યું હતું : ફારૂક ફ્રૂટવાલા.

ઈના : ઓહોહોહો... કેટલાં બધાં ફળો !

ફારૂકચાચા : તારે શું લેવું છે બેટા ?

ઈના : બધું જ ! ફ્રૂટસલાડ બનાવવો છે.

ફારૂકચાચા : અચ્છા ! તો આ કેળાં, ચીકુ, દરાખ, દાડમ અને સફરજન લઈ જા.




ઈના : ચાચા, આ ચીકુ જેવું બીજું શું છે ?

ફારૂકચાચા : કીવી. તે વિદેશમાં થાય.

ઈના : ને પેલું.... ફૂલ જેવું દેખાતું ફળ કયું ?

ફારૂકચાચા : એ ડ્રેગનફ્રૂટ. એ તો આપણા કચ્છમાં પણ ઉગાડાય છે.

ઈના : ચાચા, તમારે કેવું સારું ! જે ફળો ખાવાનું મન થાય તે ફળ ખાવા મળે.



ફારૂકચાચા : હા બેટા, ને અમારે ઘરે તો અઠવાડિયામાં પાંચ દિવસ ફ્રૂટસલાડ બને !

ઈના : આહાહા.. મમ્મી ચાલોને, આપણે ફારૂકચાચાના પડોશમાં ઘર લઈને રહીએ !



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૨. મીના પપ્પા સાથે ગૅરેજ પર ગઈ.

ગણપતકાકા : કેમ છે બેટા ? શું નામ તારું ?

મીના : કેમ છો કાકા ? તમે ગણપતકાકા, ને હું મીના.

ગણપતકાકા : તે હેં, તેં મારું નામ કેવી રીતે જાણ્યું ?

મીના : આ લખ્યું દુકાનના પાટિયા પર - ગણપત ગૅરેજવાલા.

ગણપતકાકા : વાહ, મીના તું તો બહુ હોશિયાર !

મીના : કાકા, હોશિયાર તો તમે છો. કેવી મોટી મોટી કાર રિપૅર કરો છો !

પપ્પા : જો મીના, ગણપતકાકા બધી જ જાતની કાર રિપૅર કરે છે. જો આ એમના જૅક અને પકડ-પાનાં.

મીના : કાકા, તમારે ત્યાં સાઈકલ કે મોટર સાઈકલ રિપૅર ન કરો ?

ગણપતકાકા : હા કરીએ ને, જો આ એનાં પાનાંઓ. તેનો કારીગર જુદો.


મીના : તો કાકા, તમને આ બધી ગાડી ચલાવતાં આવડે છે ?

ગણપતકાકા : હા આવડે જ ને !

મીના : આહાહાહા, કાકા આ બધું તમે કઈ નિશાળમાં શીખ્યા ? મને શીખવશો ? મારેય શીખવું છે.

ગણપતકાકા : બેટા, તું પહેલાં મોટી થઈ જા. પછી ગાડી શીખજે.

મીના : સારું... સારું... થૅન્ક યૂ કાકા.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ⬡ અલગ હોય તેની ફરતે ◯ કરો.

૧. ગાડી, ડ્રાઈવર, પાનાં, ઈસ્ત્રી
૨. સંચો, લેલું, તગારું, ઓળંબો
૩. દાડમ, ફ્રૂટસલાડ, ચીકુ, કેળાં
૪. ગૅરેજવાલા, બકાલું, લુહાર, કડિયો

## ⬡ મને ઓળખી કાઢો :

વિદ્યાર્થીઓ જોઈ ન શકે તેવી રીતે (વિદ્યાર્થીની પાછળ જઈને કે ટેબલ આગળ પડદો પાડીને) કાતર, હથોડી, ફૂટપટ્ટી, ડિસમિસ, પેન્સિલ, લાકડાનો ટુકડો, ઈંટનો ટુકડો, ખીલી, બ્રશ, લેલું, પૉલિશની ડબ્બી, પાનું વગેરે વિદ્યાર્થીઓને બતાવો, ત્યારબાદ વિદ્યાર્થીઓની આંખે પાટા બાંધી / વિદ્યાર્થીની પાછળ જઈને / પડદો પાડીને તે સાધન / વસ્તુ હાથમાંથી નીચે પાડી અવાજ ઓળખવા કહેવું અને ક્રમશઃ નોંધ કરાવવી.

| ક્રમ | શું પડ્યું ? | કોણ વાપરે ? |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## યાદ કરીને લખો :

| એક જગ્યાએ બેસીને કામ કરનાર | ફરી ફરીને કામ કરનાર | એક જગ્યાએ બેસીને અને ફરીને એમ બંને રીતે કામ કરનાર |
| --- | --- | --- |
| દરજી | સફાઈ કામદાર | શાકભાજી વેચનાર |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

- **ચાલો, ગાઈએ ગીતડું :** ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટ.. ટપાલી હું...



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in